॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad



# "સાબરકાંઠા જિલ્લાની આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાઓ "

શ્રી હર્ષદ એચ. ચૌધરી
પીએચ.ડી. સ્કોલર
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન
યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ.સોનલ ચૌધરી
અધ્યાપક-ઈતિહાસ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ.

**સારાંશ** :

આદિમ સંસ્કૃતિ જ માનવ સંસ્કૃતિનું મૂળ છે. આદિવાસીનો મતલબ આદિ- આદિ અનાદિકાળ અને વાસી-વસવાટ કરનાર એટલે જ આદિવાસી. જમ્બુદ્રિપનો પ્રથમ માનવી, ભારત ભૂમિમાં આદિ અનાદિકાળથી વસવાટ કરનાર, ભારત દેશનું મૂળ બીજ અને ભારતનો સાચો વારસ એટલે આદિવાસી. આપણી સંસ્કૃતિને જાળવનાર પ્રજા એટલે આદિવાસી. સંસ્કૃતિની સરળ વ્યાખ્યા આ પ્રમાણે આપી શકાય : આચારમાં ને વિચારમાં કોઇપણ પ્રજાની જે લાક્ષણિકતાઓ કે જિવન રીતી કે જે પરંપરાગત પેઢી–દર–પેઢી ઉતરતી રહેતી હોય તે સંસ્કૃતિ. પ્રસ્તુત લેખ નિરીક્ષણ પદ્ધતિ અને ગૌણ માહિતી ઉપર આધારિત છે.

ચાવી રૂપ શબ્દો : આદિમ, આદિવાસી, સંસ્કૃતિ, **પરંપરા**, અખાત્રીજ

## આદિવાસી સંસ્કૃતિનો પરિચય:

આદિવાસી સમાજ વૈવિધ્યસભર હોય છે. ધરતીના કયા ભાગમાં અને કુદરતની કેવી પરિસ્થિતિમાં તેઓ ઊછર્યા છે તેની ઉપર એમનાં શારીરિક દેખાવ – બંધારણ, રહેઠાણ, ખોરાક, વેશભૂષા, કલાકૌશલ્ય, સંગઠન, ધર્મ, રમતગમત વગેરે આધાર રાખે છે. જન્મ, લગ્ન, મરણ વગેરેને લગતા સામાજિક રીતિરિવાજો અને ધાર્મિક ક્રિયાકાંડમાં વપરાતી વસ્તુઓ પણ ભૌગોલિક સંપત્તિને અનુકૂળ હોય છે.

આદિવાસી જૂથના નાનામોટા કદના અપવાદ સિવાય વિશ્વના બધા સમાજોને કુદરતનાં સર્જક અને વિનાશક પરિબળો સાથે સામંજસ્યમાં અથવા સંઘર્ષમાં જિવન ટકાવવું પડે છે. આધુનિક ઉદ્યોગીકરણથી પ્રભાવિત સમાજો કરતાં એમનું જિવન સૌથી વધુ કુદરતને આધીન હોય છે. જંગલમાં વસતાં હિંસક પશુઓ અને પક્ષીઓ સાથે પણ એમણે સહિષ્ણુતાના સંબંધો જાળવ્યા હોય છે. શિકાર કરીને પોષણ કરનારાઓ ઇષ્ટદેવનું નામ લઈને શિકારે જાય છે અને તેથી એક જાતનો સંયમ જળવાય છે. તેમની સૌથી અગત્યની લાક્ષણિકતા એ છે કે એમણે કુદરતનાં પરિબળો ઉપર પોતાનું વર્ચસ્વ જમાવવાનો ઓછામાં ઓછો પ્રયત્ન કર્યો છે. આથી આદિવાસી પ્રદેશોમાં પર્યાવરણની સમતુલા જળવાઈ શકી છે. ધરતીની સંપત્તિ વેડફી નાખીને અવિચારીપણે જીવવાની ઘેલછા તેમનામાં જોવા મળતી નથી.

આદિવાસી સમાજોમાં કાળક્રમે પ્રજાતીય વૈવિધ્ય વધતું રહ્યું છે. જીવન વિશેની માન્યતાનું માળખું અને દુનિયા શું છે? તે વિશે તેમની પરિકલ્પનાઓ આગવી હોવાથી દરેક સમાજમાં લોહીની વર્ણસંકરતા અને વિચારોના શંભુમેળાના બનાવો ઉપર અંકુશ રહે છે. આમ છતાં વેપારી લેવડદેવડ અને આવાગમનમાં ઉત્તરોત્તર વધારો થવાથી સ્થાનાંતરને કારણે સાંસ્કૃતિક અને પ્રજાતિની શુદ્ધતાની દૃષ્ટિએ અગણિત જૂથો અને પેટા-જૂથો અસ્તિત્વમાં આવ્યાં છે. સાંપ્રદાયિક કે વ્યાવસાયિક વર્ગ અને જ્ઞાતિપ્રથાની ઉત્પત્તિ પાછળ આ પ્રકારનાં પરિવર્તનો રહેલાં હોય છે. સામાજિક સ્તરીકરણનો બિલકુલ અભાવ હોય એવો કોઈ આદિવાસી સમાજ ખૂણેખાંચરે પણ જોવા મળતો નથી.

ભૌતિક સુખની ઇચ્છા જેટલી પરલૌકિક સુખની આશામાં ઘણાખરા આદિવાસી સમાજો જીવતા હોય છે. આથી એમના જિવનનો સારો એવો ભાગ પૂર્વજોના આત્મા, ભૂત-પ્રેત વગેરેના પ્રભાવથી રંગાયેલો હોય છે. એમના કલાકારીગરીના ઉત્કૃષ્ટ નમૂનાઓ પરલૌકિક સિદ્ધિ અને સુખની આશાથી બનાવાયા હોય છે. ઇષ્ટદેવની અને પૂર્વજોની આરાધના માટે તેઓ કલાના નમૂનાઓ અને માંસ-મંદિરાનો ઓછો-વત્તો ઉપયોગ કરતા હોય છે. કોઈ આદિવાસી સમાજ સંપૂર્ણપણે શાકાહારી હોતો નથી. ફળફળાદિ, વન્ય પેદાશો અને બરછટ અનાજ એમના ખોરાકની વિશિષ્ટતા છે. પશુપાલન અને ખેતીપ્રધાન જૂથો પણ તેમનામાં જોવા મળે છે.

બુદ્ધિમત્તાની દ્રષ્ટિએ આદિવાસી કોઈ પણ મનુષ્યની બરોબરી કરી શકે તેમ છે. સાનુકૂળ વાતાવરણ, શિક્ષણ અને તાલીમ મળતાની સાથે જ તેઓ ઘણા વિકસિત સમાજોના માનીતા સભ્ય બની શક્યા છે. માનવસંસ્કૃતિની ઉત્ક્રાંતિના અતિ આધુનિક સોપાન ઉપર આવી શકે એવી બૌદ્ધિક ક્ષમતા ઘણાખરા આદિવાસીઓ ધરાવે છે.

ભારત અને ગુજરાતના આદિવાસી સમાજો પાષાણયુગ, ધાતુયુગ, પશુપાલન અને કૃષિયુગ વગેરેના તબક્કાઓને વટાવીને આજે ઔદ્યોગિક અને અણુયુગના ઉંબરે આવીને ઊભા છે. ભારતના સંવિધાનની આરક્ષક જોગવાઈ અને વિકાસલક્ષી નીતિઓને કારણે તેમનામાં શિક્ષણ અને તાલીમ સાથે સામાજિક ચેતના અને રાજનૈતિક દૃષ્ટિનો ઉદભવ થયો છે. ભારતના અન્ય વિકાસશીલ અને વિકસિત સમાજોના પ્રવાહમાં તેમની નવી પેઢી એકતા અને સમાનતા સાધી રહી છે.

**૧. સાબરકાંઠા જિલ્લાની આદિવાસી સંસ્કૃતિ અને વસ્તી વિષયક રૂપરેખાનો ઐતિહાસિક પરિચય :-**

સાબરકાંઠા જિલ્લામાં ૧૬.૭૨ % ભીલ અને કાથોડી જાતિઓ વસવાટ કરે છે. એક સમયે સમગ્ર જીવસૃષ્ટિનો તટ જંગલોથી ભરપૂર હતો. સમગ્ર વિસ્તારમાં લીલીછમ વનરાજી છવાયેલી હતી. ચારેકોર પક્ષીઓનો કલરવ અને જંગલી પ્રાણીઓના ધુરકાટથી ગાજી ઊઠતો હતો. જાણે કે કુદરત કોઇપણ સંગીતના સાધન સામગ્રી વગર પ્રાણીઓ અને પક્ષીઓના અવાજથી સંગીત રેલાવી રહી હતી. આવા ઘેધુર વિસ્તારમાં પોતાની મસ્તીમાં મસ્ત જીવનસૃષ્ટિ નિવાસ કરતી હતી. આ જીવસૃષ્ટિ એટલે કુદરતના ખોળે નિવાસ કરતી સંસ્કૃતિ. એટલે કે આદિમ સંસ્કૃતિ. આદિવાસી વસ્તી અને સંસ્કૃતિનો વિકાસ સ્થાનિક જંગલ જીવનને વિકસતો રહયો. બધી જ સંસ્કૃતિ અનાર્થ કે આદિમ જૂથના હોય તે બધા આદિમાનવ સંસ્કૃતિમાંથી જ વિકસેલા સ્વરૂપે જણાય છે.

સાબરકાંઠામાં ખેડબ્રહમા, વિજયનગર અને પોશીના તાલુકામાં આદિવાસી જાતિઓ વસે છે. તેમાં અસારી, ગામેતી, મોડીયા, ખરાડી, નિનામા, કટારા, મેણાત, ડામોર, બરંડા, ગમાર, ખોખરીયા, ભગોરા, પરમાર, અંગારી, ધ્રાંગી અને ગરાસિયા વગેરે જાતિઓ વસે છે. કોઇપણ કુદરતી-અકુદરતી થતા શતશકિત ન સમજાય તો તેનું નિરૂપણ કોઈપણ પદાર્થ, ગૃહ, વૃક્ષો વગેરેમાં કરવું અનંત પરાશકિતનું ઉદ્દગમ સ્થાન પદાર્થ પોતે જ છે. અથવા તેમાં પરાશકિત વહે છે એવી માન્યતાઓ વિકસતી જોવા મળે છે. કાળાન્તરે તેમની શ્રધ્ધા-અંધશ્રધ્ધા તેમાં રહેલી દૈવિક-અદૈવિક તત્વોની માન્યતા વ્યકત કરતા સ્વરૂપો દેશકાળ પ્રમાણે જુદી જુદી રીતે વિકસતા અને નષ્ટ થતા જોવા મળે છે.

વૈદિકકાળની પૂજાઓ દૈવિક-અદૈવિક શકિતઓ આવરી લઇ આધ્યાત્મિકતા અને તત્વજ્ઞાનમાં વણીને વિકસાવી. આ આદિમ સંસ્કૃતિમાં જ આજના વર્તમાન ધર્મો, સંસ્કૃતિ, કર્મકાંડ, રીત-રિવાજો વગેરેના મૂળ જોવા મળે છે. સામાન્ય રીતે આદિવાસી કળામાં ઉપયોગિતાનુ તત્વ જોવા મળતુ હતું પણ હકકીતમાં આ કળાએ તેમની સંસ્કૃતિનો એક ભાગ છે. અહિના ગરાસિયા અને ભીલ આદિવાસીનું જિવન જંગલોની ટેકરીઓ સાથે સંકળાયેલું છે.

## ૨. સાબરકાંઠા જિલ્લાની આદિવાસી સમુદાયની પરંપરાગત બોલી :-

સાબરકાંઠાના વિસ્તારોમાં વસતી આદિવાસી જાતિઓની મહદઅંશે જેતે જાતિના નામ પરથી ઓળખાતી એવી પોતપોતાની આગવી ભાષા છે. સાબરકાંઠાના ત્રણ તાલુકામાં જુદી જુદી ભાષાઓ બોલાય છે. જેમ કે ભીલોની ભીલી ભાષા, ગરાસીયાઓની ગરાસીયા ભાષા આમ ત્રણેય તાલુકામાં જુદી જુદી ભાષાઓ બોલાય છે.

## ૩ . આદિવાસીઓમાં વંશ પરંપરાગત દેવ-દેવીઓની પૂજા અને ધાર્મિક જીવન :-

આદિવાસીઓમાં પૂજાને ખૂબ જ મહત્વ આપવામાં આવ્યુ છે. પૂજાનો મહિમા પ્રાચીન કાળથી થતો આવ્યો છે. તેમનામાં કેટલીક અંધશ્રદ્ધાઓ ઘર કરી ગઈ છે. ખૂબ જ મગ્ન બની પૂજા સાથે બેબાકળા બનતા આદિવાસીઓમાં તન-મન-ધન સર્વસ્વ લૂંટાવી દેવ-દેવીઓની પૂજા અર્ચના કરે છે. આદિવાસી નાગદેવ-દેવી, મગરદેવ, વાઘદેવ, નદી, દેવલ, અંબામાતા, ધરતીમાતા, તથા પ્રકૃતિમાં સુર્ય - ચંદ્ર, ધરતી, વીજળી અને મેઘની પૂજા અર્ચના કરે છે. જુદી જુદી મુશ્કેલીઓ માટે માનતા કરે છે.

❖ અન્નદેવી :-

અનાજ ધાન્યની સમૃદ્ધિ માટે અહીંના અસારી, મોડીયા, બરંડા, ગામેતી, ભગોરા, બલાત વગેરે અનેક પ્રકારના આદિવાસીઓ પૂજા કરે છે. ચોમાસાના સમય પછી અનાજ અને બીજા ધાન્યને ખેતરમાંથી કાપીને લાવવામાં આવે છે. ત્યારે પણ ભગત, ભુવાને બોલાવીને પૂજા અર્ચના કરે છે. આમ કરી તેઓ માતાજીને રીઝવે છે.

❖ હોમ હવન :-

અહી હવન કરવાની પ્રથા પ્રચલિત છે. ગામ દેવીની સ્થાપના કરી હોય અથવા ગામના ગોંદરે આફત આવી હોય વરસાદ ન પડે અથવા સમયસમર ન આવે તેવા સમયે ગામના બધા લોકો ભેગા મળી ભગત-ભુવા પાસે ગામ દેવીની હોમ હવન ધ્વારા પૂજા કરે છે.

## 4. સાબરકાંઠા જિલ્લાની આદિવાસીઓના પરંપરાગત ઉત્સવો ,તહેવારો અને આનંદ- પ્રમોદ :-

મનુષ્યના સ્વભાવથી જ આનંદપ્રિય સામાજિક પ્રાણી છે. માનવજીવનમાં તહેવારો, ઉત્સવો આનંદનું નિર્માણ કરી મનુષ્ય જીવનને અતિ ઉત્સાહી બનાવે છે. લોકોની સામાજિક, સાંસ્કૃતિક તથા ધાર્મિક ધારણાઓ પર તહેવારો પ્રકાશ પાડે છે. મનુષ્ય પોતાના દુ:ખ ભુલી જવા માટે આનંદ કરવા માટે તહેવારો મહાપર્વ રૂપ છે.

❖ હોળી :-

જંગલમય વિસ્તાર હોવાથી લાકડાની અછત નથી એટલે ગામડે ગામડે, ફળિયે ફળિયે મોટી હોળીઓ પ્રગટાવાય છે. આદિવાસીઓ મુહૂર્ત જોઇને જ હોળી પ્રગટાવે છે. જેને હોળીબાઇનું લગ્ન પણ કહેવાય છે અને ગીત ગાઇને ડુંગર માવલીને હોળી બાઇને લગ્ન પ્રસંગે હાજર રહેવા વિનંતી કરે છે. ત્યારબાદ સ્ત્રીઓ, પુરૂષો એકબીજાની કમરમાં હાથ નાખીને કુંડાળામાં નાચતા નાચતા ગીતો ગવાય છે. ગીતો ગાતા ગાતા આખી રાત પસાર કરે છે. હોળીના ઢોલ પણ અલગ રીતે જ વગાડવામાં આવે છે. જે હોળીના એકમાસ પહેલાથી રોજ રાત્રે મોડા સુધી હોળીના ઢોલ વગાડતા હોય છે.

❖ અખાત્રીજ :-

વૈશાખ સુદ ત્રીજને આદિવાસીઓ અક્ષયતૃતીયા અખાત્રીજ કહે છે. આ તહેવાર ખાસ કરીને "અસારી" તેમજ બરંડા, મોડીયા, ભગોરા, બલાત વગેરે જાતિના લોકો પણ ઉજવે છે. ખરેખર અખાત્રીજ એટલે વાવણી માટેના બીજની ચકાસણી ક્રિયા છે.

❖ નાગપાંચમ :-

શ્રાવણ સુદ પાંચમને "નાગપાંચમ" તરીકે ઊજવવામાં આવે છે. ધાર્મિક દ્રષ્ટિએ આ અતિ મહત્વનો દિવસ છે. આ દિવસે ઉપવાસ કરીને સાંજે દિવો પ્રગટાવી તેની આરાધના બાદ ઘરમાં બનાવેલ કૂલેરનો લાડવો ભાગી ઘર અને આસપાસ તથા ખેતરમાં ભભરાવવામાં કરવામાં આવે છે. તેનાથી નાગદેવતા પ્રસન્ન્ થાય છે. આશીર્વાદ આપે છે એવી માન્યતા છે. સમગ્ર દિવસ દરમિયાન માત્ર કૂલેરનો લાડવો ખાઇ ઉપવાસ કરવામાં આવે છે અને દિવસનું કામકાજ બંધ રાખવામાં આવે છે.

❖ દશેરા અને દિવાળી :-

વાઘબારશ પહેલા દશેરા અને પછી આવતી દિવાળી આ લોકો ઉજવતા હોય છે. આદિવાસી જાતિઓમાં દિવાળી, હોળી, દશેરા, નાગપંચમી, અખાત્રીજ, રક્ષાબંધન અને ઉતરાયણના તહેવારો મહત્વના ગણાય છે. આમ, તહેવારો જીવનમાં નીતિપાલન સમજાવે છે, દુ:ખ ભુલાવે અને આનંદ અપાવે છે. દશેરાના દિવસે આદિવાસી જાતિના લોકો ભેગા થઇ પોતાના શસ્ત્રોની પૂજા કરે છે અને અંબામાતાનું હવન કરી ઉપાસના કરે છે. ઢોલ વગાડી રાત્રે ગરબા કરી માતાજીની સ્તુતિ કરે છે. દિવાળીના દિવસે લોકો ઢોલ વગાડી રમે છે અને ઉત્સાહથી પોતાની સંસ્કૃતિને ગૌરવ અપાવે છે.-

❖ ચિત્ર-વિચિત્રનો મેળો :-

સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકામાં દેલવાડા ગામથી માત્ર બે કિલોમીટરના અંતરે આવેલ ગુણભાંખરી ગામમાં ચિત્ર-વિચિત્રનો મેળો ભરાય છે. આ ગામ સાબરમતીના સંગમ સ્થાન પર આવેલ

છે. હોળી પછીના ચૌદમા દીવસે એટલે કે ફાગણ વદ ચૌદશે ભરાતો ચિત્ર - વિચિત્રનો મેળો તેના નામ પ્રમાણે વિચિત્ર છે.

પૌરાણિક કાળથી એવી માન્યતા છે કે હસ્તિનાપુર (આજનુ દિલ્હી ) ના શાસનકર્તા શાંતનુંના બે પુત્રો હતા. ચિત્રવીર્ય અને વિચિત્રવીર્ય જે તેઓની માતા સત્યવતી જે (ગંધા તરીકે જાણીતા હતા) અને રાજાના શાંતનુના જેષ્ઠ પુત્ર દેવવ્રત(મહાભારતના ભિષ્મપિતા ) વચ્ચેના સબંધો અંગે મોટી માન્યતા ધરાવતા હતા. પાછળથી પોતાની ભુલ તેઓ સમજ્યા અને જાતે જ બલિદાન આપી અગ્નિસ્નાન કર્યું હતું. આ બલિદાન તેમણે ગુણભાંખરી નામની ટેકરી પાસેના ત્રિવેણી સંગમ સ્થળે કર્યું હતું. પોતાની ગેરસમજથી થયેલી ભુલના પસ્તાવાના કારણે ત્યાગ કરનાર બંને ભાઇની યાદમાં ચિત્ર-વિચત્રનો મેળો ભરાય છે.

આદિવાસીલોકો ત્યાં આવીને પૂર્વજોની યાદમાં વિલાપ કરે છે. વહેલી સવારે દુરના તાલુકામાંથી આદિવાસીઓ પિતૃઓના અસ્થિઓનુ વિસર્જન કરી ધાર્મિક વિધિ કરે છે. મૃત્યુ પામેલા સ્નેહીઓને યાદ કરી વિલાપ કરે છે. બધા ભેગા મળી એક બીજાને આશ્વાસન આપે છે. આ વિધિને હાડ ગાળવાની વિધિ કહે છે. આમ આ મેળો દુ:ખદ યાદને તાજા કરવા યોજાતો હોય છે.

બીજા દિવસે આ મેળો નવો રૂપરંગ ધારણ કરે છે. ઢોલ-નગારાના તાલે નૃત્ય કરી ગીતો ગાઈ આનંદ પ્રમોદ કરે છે. મેળામાં પાન ખવડાવવાનો મહિમા છે. નજીકના ગામોમાંથી સમુહમાં ઢોલ નગારા સાથે આદિવાસીઓ મહિલાઓ જવારા લઇને રૂમઝૂમ કરતી આવે છે. અહીંના આદિવાસીઓની આશ્ચર્યની વાત એ છે કે આદિવાસીઓ ઢોલ વાગતાની સાથે જ અચાનક એમની ટેકરીઓ પર આવેલા ઝૂંપડાઓમાંથી વિશાળ સંખ્યામાં એકઠા થઇ જાય છે. આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાઓને નજીકથી જાણવા અને માણવા માટે આ મેળાની મુલાકાત લેવા જેવી છે.

- **આદિવાસીઓના નૃત્યો :-**

સાબરકાંઠાના આદિવાસીઓ અનેક પ્રકારના નૃત્યો કરતા જોવા મળે છે.સંગીત પરંપરાઓનું વૈવિધ્ય અને તેની વિપુલતા એ જ અહીની વિશેષતા છે. આદિવાસીઓના લોકનૃત્યો, લોકવાદ્યો, લોકગીતો બહુજન સમાજનો ખ્યાલ આપે છે. કાકર્યાનૃત્ય, ઢેલઇ, માદળનૃત્ય, ઢાકાનૃત્ય, પાટલાનૃત્ય વગેરે અનેક પ્રકારના આદિવાસીઓમાં નૃત્ય જોવા મળે છે.

**5. સાબરકાંઠા આદિવાસીઓની પરંપરા અને માન્યતાઓ :-**

સાબરકાંઠા આદિવાસી વિસ્તારમાં વેજ પૂજા, પાક પૂજા, સગાઇ સબંધોમાં દૈવી આરાધના અને આગતા-સ્વાગતામાં મહત્વનુ સ્થાન ધરાવતો હતો. તેમની સંસ્કૃતિ વર્ષોથી સચવાતી આવી છે. ભકિત પંથોના નવા આદિવાસીઓને બાદ કરતાં સર્વ સ્થળે સગાઇ કર્યાની નિશાની રૂપે પ્રણાલિગત વિશિષ્ટ ઢબે દારૂની વહેંચણી થતી હોવાનું માનવામાં આવે છે. તેમના સમાજમાં સગાઇ કરવા જવાના પર્યાયરૂપે "હરો પીવા જવું" જેવા શબ્દો આજે પણ વપરાતા જોવા મળે છે. પૂર્વજોની પૂજાપાઠમાં દેવની ધાર દેવામાં આવે છે. કોઇ પણ પાકની કાપણી/લણણી સમયે દારૂની ધાર દેવામાં આવે છે. ગોત્રજ સમક્ષ તલવારની પૂજા પણ દારૂની ધારથી થતી હતી એવુ લોકમુખે જાણવા મળેલ. લગ્ન જેવા પ્રસંગોમાં દારૂની મહેફિલો મનાતી હતી. આઝાદી પછી ગુજરાત રાજયમાં દારૂબંધીનો કાયદો અમલ થતાં દારૂના જાહેર ઉપયોગ પર પ્રતિબંધ મુકાયો. આજે પણ અહીંના આદિવાસી વિસ્તારમાં ગેરકાયદેસર મહુડાનો દારૂ ગાળવાનો તેમજ વપરાતો હોવાનુ માનવામાં આવે છે. દારૂ પીનારને આદિવાસી બોલીમાં "દારૂડવું" તથા "દારૂડીયો" તેવા નામથી બિરૂદ આપવામાં આવે છે. જેમ જેમ આવા વિસ્તારમાં શિક્ષણનો વિકાસ થયો અને નવી પેઢીને વ્યસનોથી થતા નુકસાનની સમજ પડવા માંડી તેમ તેમ શિક્ષણનું પ્રમાણ વધતું ગયુ અને વ્યસનોનું પ્રમાણ ઘટતું ગયુ છે.

અંધશ્રદ્ધા, વહેમ, જંતર-મંતર, દોરા – ધાગા કે શુકન –અપ શુકન જેવા અવૈજ્ઞાનિક ગણાય એવા સંસ્કારો હજુ પણ છોડી શક્યા નથી. રૂપકડા બાળકને કોઈની ખરાબ નજર લાગે એની સામે રક્ષવા કાનની નીચે મેશનું કાળું ટપકું કરવું , વરરાજાને લગ્ન પ્રસંગે આવી નજરથી બચાવવા હાથમાં કે ખીસ્સામાં લીંબુ મૂકવું, સંધ્યાકાળે ઘરના નેવા હેઠળ ના બેસાય, શુભ –માંગલિક પ્રસંગોમાં ઘરમાં ખીચડી ન બનાવાય, સંધ્યાકાળ પછી ધનની લેવડ-દેવડ ન કરાય..... જેવી અનેક માન્યતાઓ હજી પણ સચવાઈ છે. એજ પ્રમાણે બહાર જતી વેળા બિલાડી આડી ઉતરે, કુતરો કાન ખંખેરે, કોઈ છીંક ખાય, બહાર જતી વખતે કોઈ ક્યાં જાઓ છો ? એમ પૂછે તો પણ અપશુકન ગણાય. એવી કેટલીક માન્યતાઓ પરંપરાગત ઉતરી આવી છે.

આ સમાજમાં ચરોતરું નામની પ્રથા જોવા મળે છે. જ્યારે કોઈ સ્ત્રીનું સાસરીમાં મૃત્યુ થાય ત્યારે તેના પિયરિયા પોતાની દીકરીના મૃત્યુનું કારણ શોધે છે. જો તેમાં તેના સાસરીયા જવાબદાર જણાય તો આખા ગામ પર હુમલો કરે છે. પોતાની દીકરીના મૃત્યુનું વેર લે છે. તેમના સમાજમાં પંચ પ્રથા હોય છે. પંચ ભેગો થઈ ઘણી વખત આર્થિક દંડ કરે છે. સમાધાનના ભાગરૂપે મોટી રકમ ચૂકવવામાં આવે છે.

હજુ જેવું જોઈએ તેવું શિક્ષણ આ સમાજમાં  નથી જેને કારણે ગરીબી રેખા હેઠળ જીવતો પરિવાર આર્થિક સંકળામણ અનુભવે છે.શિક્ષણનો અભાવ અને ગરીબીને લીધે એવા કેટલાય પરિવારો છે કે જે  એક ઓરડી ધરાવતા નળિયા કે પતરાવાળા ઘરમાં ( જેને એ ખોલરું કહે છે) માં પતિ પત્ની અને આઠ દસ બાળકો રહેતા હોય છે. તેમના અર્ધ ભૂખ્યા  અને અર્ધનગ્ન બાળકો જોઇને કોઈ પણ વ્યક્તિ વ્યથિત થયા વગર ન રહે.

**ઉપસંહાર**:-

સાબરકાંઠાની આદિવાસી પ્રજાની દિલાવરી, જવામર્દાની અને શૂરવીરતાની છડી જોવા મળે છે. આદિવાસી પ્રજા ભોળી, જીવજંતુ કે પશુ-પંખીઓ પ્રત્યે પણ દયા રાખી એમનું જતન કરવાનો ધર્મ સમજાવતી આ સંસ્કૃતિમાં માનવીનો પ્રેમાદર કરવાનું માહાત્મ્ય જોવા મળે છે, એટલે જ તો "અતિથી દેવો ભવ "નો મંત્ર આ સંસ્કૃતિમાં સંપૂર્ણ પણે ચરિતાર્થ થયો છે. મહેમાન આવે ત્યારે ખાસ સન્માન કરવામાં આવે છે અને વિદાય લે ત્યારે શેરી કે ગામ-પાદર સુધી વળાવવા એમની સાથે જવું શિષ્ટાચાર માનવામાં આવે છે. માણસમાત્રને રામ-રામથી અભિવાદન કરવું વિશેષ સંસ્કૃતિમાં જોડાયેલું જોવા મળે છે. આમ અહીની આદિવાસી પ્રજા મોજીલી જોવા મળે છે.

રાજ્ય અને કેન્દ્ર સરકાર આદિવાસી સંસ્કૃતિને ટકાવવા બહુવિધ યોજનાઓ અમલી બનાવી રહી છે. તેમના શિક્ષણના સ્તર અને આર્થિક વિકાસ માટે પ્રયત્નશીલ છે. સુવિધાને અભાવે તકલીફ વેઠતા વેઠતા આ સમાજ પ્રગતિ કરી રહ્યો છે.

**સંદર્ભ** :


- પટેલ ભગવાનભાઈ , ભીલ આદિવાસી મૌખિક ગીતકથા - કથાગીતો,ગુજરાત સાહિત્ય અકાદમી,ગાંધીનગર
- સંપા- જાની બળવંત ,પટેલ અમૃત, રોહડિયા અંબાદાન , ઉત્તર ગુજરાતની લોકકથાઓ , પાર્શ્વ પબ્લિકેશન,2008
- https://gu.m.wikipedia.org/wiki/%E0%AA%AD%E0%AA%97%E0%AA%B5%E0%AA%BE%E0%AA%A8%E0%AA%A6%E0%AA%BE%E0%AA%B8_%E0%AA%AA%E0%AA%9F%E0%AB%87%E0%AA%B2
- https://www.google.com/search?q=chitra+vichitra+fair&oq=chitr+vichitrno&aqs=chrome.2.69i57j46i13i433i512j0i13i512l4j46i13i512j0i13i512j46i13i512.9363j1j7&sourceid=chrome&ie=UTF-8
- https://gujarativishwakosh.org/%E0%AA%86%E0%AA%A6%E0%AA%BF%E0%AA%B5%E0%AA%BE%E0%AA%B8%E0%AB%80-%E0%AA%B8%E0%AA%AE%E0%AA%BE%E0%AA%9C/
- રૂબરૂ મુલાકાત : સાબરકાંઠા જિલ્લામાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી તરીકે તમામ તાલુકાઓમાં જવાનો અવસર મળે છે ત્યારે આ સમુદાયની પ્રત્યક્ષ મુલાકત લઇ સંસ્કૃતિ વિષયક માહિતી મેળવેલ છે તથા શિક્ષકો અને અધિકારીઓ પાસેથી માહિતી પ્રાપ્ત કરેલ છે.